SRISTI

તારીખઃ ૦૯-૧૧-૨૦૧૪

પ્રતિ,

લેબર કોન્ટ્રાક્ટર

**વિષયઃ વીસરાતી વાનગીઓના સાત્ત્વિક મહોત્સવમાં સફાઇ કામ માટે લેબર કોન્ટ્રાક્ટ આપવા બાબતે**

**તારીખઃ ૨૦-૨૧-૨૨ ડિસેમ્બર, ૨૦૧૪**

**સ્થળઃ આઇઆઇએમ ન્યુ કેમ્પસ, વસ્ત્રાપુર, અમદાવાદ-૧૫**

**ક્વોટેશન મોકલવાની છેલ્લી તારીખઃ ૩૦ નવેમ્બર, ૨૦૧૪**

સૃષ્ટિ એક ચેરીટેબલ ટ્રસ્ટ છે. જે છેલ્લા ૧૧ વર્ષથી આઇઆઇએમ અમદાવાદમાં વીસરાતી વાનગીઓના મહોત્સવનું નિરંતર આયોજન કરે છે. ચાલુ વર્ષે પણ ૨૦-૨૧-૨૨ ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ આઇઆઇએમના નવા કેમ્પસમાં આયોજન કરેલ છે. જેમાં શહેરના જાણીતા અને અનુભવી લેબર કોન્ટ્રાક્ટર પાસેથી ભાવની દરખાસ્ત મંગાવીએ છીએ.

૧. તમામ દરખાસ્તો/ક્વોટેશન ૩૦ નવેમ્બર, ૨૦૧૪ સુધીમાં સૃષ્ટિમાં સીલબંધ કવરમાં જમા કરાવવાના રહેશે. કવરની ઉપર “લેબર કોન્ટ્રાક્ટ” એમ લખવું. કવરની ઉપર પોતાનું નામ, સરનામુ અને ઇમેઇલ આઇડી પણ લખવું જેથી સંપર્ક કરી શકાય.

૨. આવેલ તમામ દરખાસ્તોને સૃષ્ટિ દ્વારા નિયુક્ત સમિતિ સમક્ષ ખોલવામાં આવશે. સૌથી ઓછો ભાવ હશે તેવા છેલ્લા ત્રણને સૃષ્ટિ દ્વારા નિયુક્ત સમિતિ સમક્ષ રીવર્સ ક્વોટેશન માટે તક આપવામાં આવશે. જે તે કેટેગરીમાં સૌથી ઓછો ભાવ હશે તે ભાવ રીવર્સ ક્વોટેશન વખતે જે તે લેબર કોન્ટ્રાક્ટરને જણાવવામાં આવશે. રીવર્સ ક્વોટેશન બાદ જે લેબર કોન્ટ્રાક્ટર પ્રથમ ક્રમે આવશે તેઓને સૃષ્ટિ દ્વારા નિયત સમિતિ દ્વારા ચર્ચા કરી કામ આપવામાં આવશે.

૩. છેલ્લા પાંચ લેબર કોન્ટ્રાક્ટર સિવાય અન્ય કોઇને (કે જેમના ભાવ ઉંચા હશે તેઓને) ચર્ચા માટે આમંત્રણ આપવામાં આવશે નહીં. આથી જરૂરી છે કે જે ભાવે આ કામ કરી શકો તે વ્યાજબી ભાવ જ ભરવા વિનંતી છે.

૪. લેબર કોન્ટ્રાક્ટરે પ્રતિષ્ઠિત કંપનીઓ અને સંસ્થાઓમાં કરેલ કામનો અનુભવ પણ રીવર્સ ક્વોટેશન દરમિયાન સમિતિ વિચારણામાં લેશે.

૫. સાત્ત્વિક મહોત્સવના સુચારૂ આયોજન અંગે આયોજક તરફથી મળતી તમામ સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

૬. જે કોન્ટ્રાક્ટરને કામ મળે તે અન્ય કોઇને સબકોન્ટ્રાક્ટ આપી શકશે નહિ.

૭. સફાઇ માટેનો જરૂરી સામાન જેમ કે, ઉભું ઝાડુ, આડુ ઝાડુ, પ્લાસ્ટીકની બ્લેક બેગ (મોટા ડ્રમ/પીપમાં આવે તેવી), ટોઇલેટની સફાઇ માટે જરૂરી સાધન આયોજક સાથે ચર્ચા કરી લેબર કોન્ટ્રાક્ટરે ખરીદવાનો રહેશે જેના બીલની ચૂકવણી સૃષ્ટિ તરફથી બીલ સાથે કરવામાં આવશે.

૮. દરરોજ રાત્રે કાળી બેગમાં એકઠો થયેલ તમામ કચરો ઉઠાવી લેવાની અને સરકારી નિયમો અનુસાર તેને ડંપ/નિકાલ કરવાની જવાબદારી લેબર કોન્ટ્રાક્ટરની રહેશે અથવા આયોજક સંસ્થા તરફથી સડી શકે તેવા બાયોડીગ્રેડેબલ કચરાને આયોજક કહે ત્યાં પહોંચાડવાનો રહશે. બાયોડીગ્રેડેબલ વેસ્ટ અને અન્ય વેસ્ટને અલગ-અલગ રીતે એકઠો કરવાનો રહેશે.

૯. દરેક લેબર ડ્રેસમાં હોય અને તેના ગળામાં જે તે લેબર કોન્ટ્રાક્ટર કંપનીનું આઈકાર્ડ લટકતું હોય તે અનિવાર્ય છે.

૧૦. દરેક લેબરને નિશ્ચિત સ્ટોલની આગળ પાછળ કામ સોંપવાનું રહેશે જેથી જે-તે લેબરની સફાઇની જવાબદારી નિર્ધારીત કરવામાં આવે. આમ કરવાથી જવાબદારીપૂર્વક કામ થશે. તેવી જ રીતે સુપરવાઈઝરની જવાબદારી પણ નિર્ધારીત કરવામાં આવે અને સુપરવાઈઝર આયોજકના સંપર્કમાં રહી જરૂરી સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

૧૧. દરેક લેબરને સવારે સૃષ્ટિના રજીસ્ટરમાં સ્થળ ઉપર સહી કરવાની રહેશે અને સાંજે જતી વખતે પણ રજીસ્ટરમાં સહી કરીને જવાનું રહેશે. સહી કર્યાવગર કોઈ લેબર કામ કરશે અથવા જતો રહેશે તેની હાજરી ગણતરીમાં લેવામાં આવશે નહી. સહી કરતી વખતે દરકે લેબરને કઈ જગ્યાએ સફાઈ કરવાની છે તે સ્થળ બતાવવામાં આવશે.

૧૨. સવારના ૭.૦૦ વાગ્યાથી રાત્રે ૧૧.૦૦ વાગ્યા સુધી સાત્વિક પરિસરમાં કચરો આમતેમ પડેલો ન હોય તે જોવાની જવાબદારી લેબર કોન્ટ્રાક્ટરની રહેશે. આ માટે જરૂરી વ્યવસ્થાપન પણ કરવાનું રહેશે.

૧૩. મોટા ડસ્ટબીન/પીપ માં કચરો ભરાય કે તરત જ તે પીપ ખાલી કરવાનું રહેશે.

૧૪. દરેક લેબરને સરકારી નિયમ અનુસાર મહેનતાણુ ચુકવાય છે તેવી બાંહેધરી લેબર કોન્ટ્રાક્ટરે સૃષ્ટિને આપવાની રહેશે. આમ કરવામાં લેબર કોન્ટ્રાક્ટર ઉણો ઉતરશે તો લેબર કોન્ટ્રાક્ટર સમક્ષ કાનુની પગલા ભરવામાં આવશે.

૧૫. ઉપરના તમામ નિયમો મેં વાંચ્યા છે, સમજ્યા છે તે પછી જ આ લેબર કોન્ટ્રાક્ટનું ફોર્મ હું ભરી રહ્યો છું. તે બાબતની હું ખાતરી આપુ છું.

૧૬. સ્ટોલધારકો કે ટોઇલેટનો ઉપયોગ કરનાર પાસેથી લેબર કે લેબર કોન્ટ્રાક્ટ કોઇપણ પ્રકારનું આર્થિક વળતર લઇ શકશે નહીં.

૧૭. તમામ કર્મચારીઓના નામ અને સરનામાં આયોજક સંસ્થાને દરરોજ આપવાના રહેશે. આ તમામ કર્મચારીઓના ગળામાં જે-તે કોન્ટ્રાક્ટરનું ઓળખ પત્ર લટકતું હોયતે ફરજીયાત છે.

૧૮. આવેલ તમામ ક્વોટેશનો રદ્દ કરવાની સત્તા સૃષ્ટિ સંસ્થા પોતાના હસ્તક અબાધીત રાખે છે.

૧૯. સાત્વિક મહોત્સવ દરમ્યાન મજૂરોની જરૂરિયાતનું અંદાજીત આયોજન

તારીખ: ૧૮ ડિસેમ્બર, ૨૦૧૪........ ૫ મજૂર અને એક સુપરવાઈઝર (સવારે ૧૦.૦૦ થી ૬.૦૦)
તારીખ: ૧૯ ડિસેમ્બર, ૨૦૧૪........ ૭ મજૂર અને એક સુપરવાઈઝર (સવારે ૧૦.૦૦ થી ૬.૦૦)
તારીખ: ૨૦ ડિસેમ્બર, ૨૦૧૪........ ૨૫ મજૂર અને એક સુપરવાઈઝર (સવારે ૭.૦૦ થી રાત્રે ૧૦.૦૦)
તારીખ: ૨૧ ડિસેમ્બર, ૨૦૧૪........ ૩૦ મજૂર અને એક સુપરવાઈઝર (સવારે ૭.૦૦ થી રાત્રે ૧૦.૦૦)
તારીખ: ૨૨ ડિસેમ્બર, ૨૦૧૪........ ૨૫ મજૂર અને એક સુપરવાઈઝર (સવારે ૭.૦૦ થી રાત્રે ૧૦.૦૦)

આયોજક તરફથી મળતી સૂચનાઓનું પાલન લેબર કોન્ટ્રાક્ટરે કરવું અનિવાર્ય છે. જેથી સ્વચ્છતા જળવાઇ રહે. મહોત્સવ દરમિયાન દર ત્રણ કલાકે સફાઇનું મૂલ્યાંકન કરી કોન્ટ્રાક્ટર અને સુપરવાઇઝરને આયોજક તરફથી જરૂરી સૂચનાઓ આપવામાં આવશે.

સેક્રેટરી, સૃષ્ટિ

---

**લેબર કોન્ટ્રાક્ટરે નીચેની વિગતો પોતાના લેટરહેડમાં લખી મોકલવી.**

**તારીખ:**.................................

**કોન્ટ્રાક્ટરનું નામ** : ...........................................................................................

**કોન્ટ્રાક્ટરનું પુરુ સરનામુ** : ...........................................................................................

...........................................................................................

...........................................................................................

**ફર્મનું નામ / રજીસ્ટ્રેશન નંબર** : ...........................................................................................

**પાન નંબર** : ...........................................................................................

**પૂરુ સરનામુ** : ...........................................................................................

...........................................................................................

...........................................................................................

**ફોન/મોબાઇલ નંબર** : ...........................................................................................

**૮ કલાકના પ્રતિ લેબરનો ભાવ** : ...........................................................................................

**સાત્વિક મહોત્સવથી સમાન/કચરો ઉઠાવાનો પ્રત્યેક ટ્રેક્ટર/ટ્રકનો ફેરાનો ભાવ** :.........................................................

**સર્વિસ ચાર્જ અથવા ટેક્સ** :...........................................................................................

**અન્ય નોંધ:**...........................................................................................

**તારીખ:** **કોન્ટ્રાક્ટરની સહી અને સિક્કો**

---

**ક્વોટેશન મોકલવાનું સરનામુ:** સૃષ્ટિ, AES બૉયઝ હોસ્ટેલ કેમ્પસમાં, ગુજરાત યુનિવર્સિટી લાયબ્રેરી અને સ્ટેટ બેંક નજીક, નગરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯, ફોન. ૦૭૯- ૨૭૯૧ ૩૨૯૩, ૨૭૯૧ ૨૭૯૨, મો. ૯૮૨૫૦ ૬૧૧૩૯

Email: sattvik@sristi.org